# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)
શિક્ષણ, દૂરવર્તી શિક્ષણ અને શૈક્ષણિકતકનીકી વિદ્યાજૂથ
"જ્યોતિર્મય" પરિસર શ્રી બાલાજી મંદિરની સામે,
સરખેજ-ગાંધીનગર હાઇવે, છારોડી, અમદાવાદ-૩૮૨૪૮૧
E-mail : feedback@baou.edu.in, Website : www.baou.edu.in

## B.Ed ( દ્વિતીય વર્ષ 2017-2018) સ્વાધ્યાયકાર્ય

| અભ્યાસ્કેન્દ્રને સોપવાની છેલ્લી તારીખ | પાઠ્યક્રમ કોર્ષ કોડ | સ્વધ્યાય |
|---|---|---|
| 02/04/2018 | ES- 334 | થીયરી/પ્રેક્ટીકલ |
| 06/04/2018 | ES-335 | થીયરી/પ્રેક્ટીકલ |

### વિશિષ્ટ પાઠ્યક્રમો (ES-361 થી ES-364)

| | | |
|---|---|---|
| 06/04/2018 | ES-361-364 | થીયરી/પ્રેક્ટીકલ |

**સૂચના:-**
1. દરેક વિષયના સ્વાધ્યાય ફરજિયાત છે.
2. તમારા સ્વાધ્યાયપત્રો તમામ પ્રોગ્રામકેન્દ્રના કો- ઓર્ડીનેટરને નિયત સમયમાં રૂબરૂ કે રજીસ્ટર ટપાલથી જમા કરાવાના રહેશે.
3. સ્વાધ્યાયની એક કોપી પોતાની પાસે ઝેરોક્ષ કરાવીને રાખવી.

<u>પ્રિય વિદ્યાર્થી મિત્રો</u>

દૂરવર્તી શિક્ષણમાં અભ્યાસ માટે દરેક અભ્યાસક્રમમાં પાઠ્યક્રમદીઠ સ્વાધ્યાયકાર્ય રજૂ કરવા ફરજિયાત છે. દરેક સ્વાધ્યાયકાર્ય માટે 100 ગુણ નિશ્ચિત છે. પરિણામમાં તેનો ભારાંક ૩૦% છે.

સ્વાધ્યાયકાર્યનો મુખ્ય ઉદેશ્યપરીક્ષા માટેની પૂર્વ તૈયારી છે. સ્વાધ્યાયકાર્યમાં પૂછવામાં આવેલ પ્રશ્નોનું માળખું પરીક્ષાના પ્રશ્નપત્ર જેવું હોય છે. પ્રશ્નોના જવાબમાં અભ્યાસ સામગ્રીનું પુનરાવર્તન કરવાનું નથી હોતું. તમે તમારે પાઠ્યક્રમના સ્વાધ્યાયકાર્યમાં પૂછવામાં આવેલ પ્રશ્નોના જવાબ લખતા પહેલા પ્રથમ પાના ઉપર નીચે મુજબની માહિતી લખવી જરૂરી છે.

વાંચનથી જે શીખ્યા છો, જે સમજ્યા છો, તે પોતાની ભાષામાં લખવાનું હોય છે. જેથી તમે સ્વાધ્યાયકાર્ય તૈયારી કરવાની કામગીરી ગંભીરતાથી કરશો.

- પૂરું નામ
- પાઠ્યક્રમ
- સ્વાધ્યાય સંખ્યા
- અભ્યાસક્રમ
- સરનામું
- નોંધણી નંબર

અમે ઈચ્છીએ છીએ કે તમે દરેક સ્વાધ્યાયકાર્ય અલગ અલગ ચોપડામાં સુંદર ભાષામાં ઉપર દર્શાવેલ મુજબની માહિતી સાથે છેલ્લી તારીખ પહેલા અભ્યાસ કેન્દ્ર પર મોકલી આપશો.સ્વાધ્યાયકર્યો પ્રથમવર્ષ અને દ્રિતિયવર્ષ તેમજ અન્ય જે-તે વર્ષના પ્રાયોગિક કાર્યો પૂર્ણ કર્યા બાદ જ લેખિત પરીક્ષાનું ફોર્મ ભરવું અન્યથા લેખિત પરીક્ષા આપવા દેવામાં આવશે નહિ.

# B.Ed ( દ્વિતીય વર્ષ )

**ES- 334 : શિક્ષણ અને સમાજ** **કુલ ગુણ- 30**

અભ્યાસકેન્દ્ર પર સોપવાની તારીખ :- 15/06/2018

નીચેના પ્રશ્નોનાં જવાબ આશરે 1500 શબ્દોમાં આપવાના રહેશે

પ્રશ્ન-1 નીચેના પ્રશ્નનો જવાબ આશરે 750 શબ્દોમાં આપો. (1X10=10)

1. કોઠારી શિક્ષણપંચ (1964-66)ની મુખ્ય ભલામણોની ચર્ચા કરો.

પ્રશ્ન-2 નીચેના બે પ્રશ્નોના જવાબ આશરે 500 શબ્દોમાં આપો. (2X10=10)

1. શિક્ષણ (કેળવણી) શું છે ? વિસ્તૃત સમજૂતી આપો.
2. ભારતીય સમાજને અનુરૂપ શિક્ષણની ભૂમિકાની ચર્ચા કરો.

પ્રશ્ન-3 નીચેના પ્રશ્નોના જવાબ આશરે 125 શબ્દોમાં આપો. (2X5=10)

1. કેળવણી અને સંસ્કૃતિ અને કેળવણી રાજ્યવસ્થા વચ્ચેનો સંબંધ ઉદાહરણ સહિત ચર્ચો.
2. શાળા અને ઘર વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરો.
3. નિસર્ગવાદ અને આદર્શવાદી અભ્યાસક્રમની તુલના કરો.
4. લોકશાહી અને શિક્ષણ વચ્ચેનો આંતરસબંધ સ્પષ્ટ કરો.
5. ભારતીય પ્રાચીન શિક્ષણપ્રથાની ખાસિયતો જણાવો.

# B.Ed ( દ્વિતીય વર્ષ )

**ES-335 : શિક્ષણ અને શાળા** **કુલ ગુણ- 30**

અભ્યાસકેન્દ્ર પર સોપવાની તારીખ :- 15/06/2018

નીચેના પ્રશ્નોનાં જવાબ આશરે 1500 શબ્દોમાં આપવાના રહેશે

પ્રશ્ન- 1 નીચે આપેલ પ્રશ્નનો ઉત્તર આશરે 750 શબ્દોમાં આપો. (1X10=10)

1. ક્રિયાત્મક સંશોધનની વ્યાખ્યા આપી કોઈ પણ એક સમસ્યાને ધ્યાનમાં રાખી ક્રિયાત્મક સંશોધન તૈયાર કરો.

પ્રશ્ન-2 નીચે આપેલ પ્રશ્નનોના ઉત્તર આશરે 500 શબ્દમાં આપો. (2X10=10)

1. માનવબળ સ્ત્રોતો જણાવી વિદ્યાર્થી અને સમાજમાંથી ઉપલબ્ધ માનવસ્ત્રોતોને ક્યા અર્થમાં ઉપયોગમાં લઇ શકાય ?
2. શૈક્ષણિક ‘ઈનપુટ’ કરતાં અધ્યાપનના સુવિધાકારક તરીકે શિક્ષકની ભૂમિકા જુદી છે સમજાવો.

પ્રશ્ન-3 નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર આશરે 125 શબ્દોમાં આપો. (2X5=10)

1. શાળા નેતૃત્વનું સ્વરૂપનું વર્ણન કરો.
2. અંદાજપત્ર તૈયાર કરતી વખતે કયા સોપાનો ધ્યાનમાં રાખશો ?
3. N.C.E.R.T. ના કાર્યો જણાવો.
4. શિક્ષકની વ્યાવસાયિક નીતિમતા વિશે સમજૂતી આપો.
5. શાળા વાતાવરણના પ્રકાર જણાવી ગમે તે એક વાતાવરણ વિશે ટૂંકમાં સમજાવો.

# B.Ed ( દ્વિતીય વર્ષ )

**ES- 361 : શૈક્ષણિક પ્રોદ્યોગિકી** **કુલ ગુણ- 30**

અભ્યાસકેન્દ્ર પર સોપવાની તારીખ :- 15/06/2018

નીચેના પ્રશ્નોનાં જવાબ આશરે 1500 શબ્દોમાં આપવાના રહેશે

પ્રશ્ન-1 નીચેના પ્રશ્નનો જવાબ આશરે 750 શબ્દોમાં આપો. (1X10=10)

1. PPT એટલે શું ? તમે જે ધોરણમાં ભણાવતા હોય તે વિષય પધ્ધતિના એક-એક એકમની PPT બનાવી વર્ગખંડમાં તેનો ઉપયોગ કરવાથી તમને અનુભવાયેલા ફેરફારોનો વિગતવાર અહેવાલ રજૂ કરો.

પ્રશ્ન-2 નીચેના બે પ્રશ્નોના જવાબ આશરે 500 શબ્દોમાં આપો. (2X10=10)

1. મુલ્યાંકનનાં અભિગમો જણાવી શૈક્ષણિક પ્રોર્દ્યોગિકીના મુલ્યાંકન માટેનું એક મોડલ તૈયાર કરો.
2. અધ્યયન અધ્યાપનના શૈક્ષણિક માધ્યમો અને સામગ્રીનું વર્ગીકરણ કરી વિગતે નોંધ તૈયાર કરો.

પ્રશ્ન-3 નીચેના પ્રશ્નોના જવાબ આશરે 125 શબ્દોમાં આપો. (2X5=10)

1. અધ્યાપનના તબક્કાઓ જણાવો?
2. મુલ્યાંકનના પ્રકારો જણાવો.
3. ટેલિકોન્ફરન્સિંગ એટલે શું ? દૂરવર્તી શિક્ષણમાં તેનો ઉપયોગ ટૂંકમાં જણાવો.
4. ડાયોરમાં એટલે શું ? ડાયોરમાં કયા વિષયો ભણાવવા માટે ઉપયોગી માધ્યમ છે.
5. ક્ષાવ્ય કાર્યક્રમોની નબળાઈઓ જણાવો.

# B.Ed ( દ્વિતીય વર્ષ )

**ES- 364 : દૂરવર્તી શિક્ષણ** **કુલ ગુણ- 30**

અભ્યાસકેન્દ્ર પર સોપવાની તારીખ :- 15/06/2018

નીચેના પ્રશ્નોનાં જવાબ આશરે 1500 શબ્દોમાં આપવાના રહેશે

પ્રશ્ન- 1 નીચેના પ્રશ્નનો જવાબ આશરે 750 શબ્દોમાં આપો. (1X10=10)

1. સ્વઅધ્યાપન સામગ્રીનું પરિરૂપ તૈયાર કરી દૂરવર્તી શિક્ષણમાં સામગ્રી તૈયાર કરવવાનાં મહત્વના
2. સોપાનો જણાવી. તમારા વિષયની સ્વ.અધ્યાપન સામગ્રીનું એક મોડેલ તૈયાર કરો.

પ્રશ્ન-2 નીચેના બે પ્રશ્નોના જવાબ આશરે 500 શબ્દોમાં આપો. (2X10=10)

1. દૂરવર્તી શિક્ષણની પરિભાષા સ્પષ્ટ કરી ભારતમાં આવેલ દૂરવર્તી શિક્ષણ યુનિવર્સિટી (અભ્યાસક્રમની માહિતી ,પ્રવેશ પક્રિયા, પરીક્ષા અને મૂલ્યાંકન) વિષેની માહિતી આપો.
2. દૂરવર્તી અધ્યાપકોની પરીકલ્પના સ્પષ્ટ કરી દૂરવર્તી અધ્યાપકોની કામગીરી અને તેમની તાલિમ વિષે માહિતી આપતો અહેવાલ ટુકમાં તૈયાર કરો.

પ્રશ્ન-3 નીચેના પ્રશ્નોના જવાબ આશરે 125 શબ્દોમાં આપો. (2X5=10)

1. સ્વઃ શિક્ષણ એટલે શું ?
2. વાંચનના તબક્કાના પ્રકાર જણાવો.
3. આંતરિક ચકાસણી અને બાહ્ય ચકાસણીના બે-બે મુદ્દાઓ જણાવો.
4. કેન્દ્રીય અને વિકેન્દ્રીય મુલ્યાંકન વચ્ચે તફાવત જણાવો.
5. દૂરવર્તી શિક્ષણના ખર્ચ ઉપર અસરકર્તા પરિબળો જણાવો

# B.Ed ( દ્વિતીય વર્ષ )

**ES-363 :** માર્ગદર્શન અને સલાહ કુલ ગુણ- 30

પ્રશ્ન- 1 નીચેના પ્રશ્નનો જવાબ આશરે 750 શબ્દોમાં આપો. (1X10=10)

1. માર્ગદર્શન અને અધ્યયન (Guidance and Learning) ના સંદર્ભમાં નીચેના મુદ્દાઓની ભૂમિકા સ્પષ્ટ કરો.

- અધ્યયન સામગ્રીનું મહત્વ અને શિક્ષક
- શિક્ષકો અને સલાહકારો માટે માર્ગદર્શિકાઓ
- વર્ગખંડ અધ્યયનમાં અને માર્ગદર્શનમાં મનોવૈજ્ઞાનિક પરિબળો

પ્રશ્ન-2 નીચેના બે પ્રશ્નોના જવાબ આશરે 500 શબ્દોમાં આપો. (2X10=10)

1. સમૂહ માર્ગદર્શનની પ્રવુત્તિઓની ઉદાહરણ સાથે ચર્ચા કરો.
2. કારકિર્દી વિકાસમાં છોકરીઓની સમસ્યાઓ જણાવો.

પ્રશ્ન-3 નીચેના પ્રશ્નોના જવાબ આશરે 125 શબ્દોમાં આપો. (2X5=10)

1. સમાવર્તક શાળા (શિક્ષણ)નું મહત્વ સમજાવો.
2. કારકિર્દી તરાહોના પ્રકારો ક્યા-ક્યા છે ?
3. ક્રમ માપદંડની મર્યાદાઓ જણાવો.
4. જૂથ સલાહના કોઈપણ બે લાભ જણાવો.
5. વૃદ્રિ અને વિકાસના સંદર્ભમાં વિદ્યાર્થીઓની મનોવૈજ્ઞાનિક અને શૈક્ષણિક જરૂરીયાતોની યાદી આપો.

# **B.Ed ( દ્વિતીય વર્ષ )**

**ES- 362 : શિક્ષણમાં કમ્પ્યુટર** **કુલ ગુણ- 30**

પ્રશ્ન- 1 નીચેના પ્રશ્નનો જવાબ આશરે 750 શબ્દોમાં આપો. (1X10=10)

1 પૂછપરછ પ્રશિક્ષણ પ્રતિમાન અને પ્રવીણતા અધ્યપન પ્રતિમાન નો પરિચય આપી તુલનાત્મક અભ્યાસ કરો.

પ્રશ્ન- નીચેના બે પ્રશ્નોના જવાબ આશરે 500 શબ્દોમાં આપો. (2X10=10)

2 બૌદ્ધિક અનુશિક્ષણ પ્રણાલીઓની વિભાવના આપી તેનાં ઘટકો ચર્ચો.

3 કમ્પ્યુટરના (ઈનપુટ અને આઉટપુટ ડિવાઈસ) નિવેશ અને નિર્ગમ એકમોનો પરિચય આપો.

પ્રશ્ન-3 નીચેના પ્રશ્નોના જવાબ આશરે 125 શબ્દોમાં આપો. (2X5=10)

6. મધ્યસ્થીકૃત આયોજનનો અર્થ સમજાવો.
7. શાળાની કમ્પ્યુટરાઈઝ ઇન્વેન્ટરી સિસ્ટમનાં ફાયદાઓ ટૂંકમાં જણાવો.
8. વર્ણનાત્મક અંકશાસ્ત્રના માપદંડો દર્શાવો.
9. કમ્પ્યુટર આધારિત અધ્યપના સંદર્ભમાં Branching નો અર્થ આપો.
10. તમે શેના આધારે તમારી હાર્ડવેરની જરૂરિયાતો નીચ્ચિત કરી શકો છો? ટૂંકમાં જણાવો.